


करुणा सुख सागर सब गुन आगर, जेहि गावहिं श्रुति संता,
सो ममहित लागी जन अनुरागी, भयउ प्रगट श्रीकंता ||


Amul The Taste of India | Dudhsagar The Pride of India


મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૮ | વર્ષ - ૩ | ફેબ્રુઆરી - ૨૦૨૪ (સળંગ અંક : ૩૨) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop


# દૂધસાગરના આંગણે શ્રી રામના વધામણાં



## GOVT OF INDIA
## સહકાર વિભાગના મુખ્ય સચીવ શ્રી. જ્ઞાનેશકુમાર દૂધસાગરના મહેમાન બન્યા



ભારત સરકારના - સહકાર વિભાગના મુખ્ય સચીવ શ્રી. જ્ઞાનેશકુમાર આપણી સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના આમંત્રણને માન આપી મહેસાણા દૂધસાગર ડેરીની મહેમાન ગતી સ્વીકારી હતી.આ દરમ્યાન તેઓ દૂધસાગર ડેરીની પારદર્શક કાર્યપ્રણાલીથી પ્રભાવીત થયા હતા.

દૂધસાગર ડેરી અને મહેસાણા વાહન વિભાગના સંયુક્ત ઉપક્રમે

## રાષ્ટ્રીય માર્ગ સલામતી જનજાગૃતિ અભિયાન આરંભાયું




રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ : 2024 ની ઉજવણી સંદર્ભે તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરી આગળથી પસાર થતા અમદાવાદ - પાલનપુર હાઈવે ઉપર આપણા દૂધસંઘ અને મહેસાણા RTO દ્વારા વાહન ચાલકોમાં મોટર વાહન અધિનીયમ 2019 અંગે સીટ બેલ્ટ, હેલ્મેટ, ઓવર સ્પીડ અંગે જાગૃતિ આવે તે માટે પુષ્પગુચ્છ આપી જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

કેન્દ્રિય ગૃહ અને સહકારમંત્રી
શ્રી. અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રીની
વિશેષ ઉપસ્થિતીમાં

## ગાંધીનગર ખાતે NCDFI ના નવા મકાનનું ભૂમિપુજન સંપન્ન



ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સહકારી ડેરી ફેડરેશન ઓફ ઈન્ડિયા (NCDFI) ના નવા મકાનના ભૂમિપુજન હેઠળ કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહના અધ્યક્ષ પદે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી. શંકરભાઈ ચૌધરી અને IFFCO ના ચેરમેન શ્રી. દિલીપભાઈ સંઘાણી ની વિશેષ ઉપસ્થિતીમાં કાર્યક્રમ યોજાયો હતો.

ઉલ્લેખનીય છે કે ; NCDFI દેશના બધા રાજ્યોમાં દૂધ અને દૂધની પેદાશોને ઓનલાઈન ઓક્શન દ્વારા વેચવાનું કામ કરે છે. આ નવિન ઓફિસ બનવાથી વેચાણના કામમાં ગતિ આવશે અને તેનો દૂધ ઉત્પાદકોને ફાયદો થશે આ પ્રસંગે દૂધસાગર ડેરી વતી ચેરમેનશ્રીએ વિસ્તારનું પ્રતિનિધીત્વ કર્યું હતું.

ISO અને fssai ના નિયમો અનુસાર

## દૂધ મંડળીઓના કર્મચારીઓનું રસીકરણ માત્ર 50% ખર્ચે સંસ્થાના કાર્યક્ષેત્રમાં



મહેસાણા દૂધસંઘ - દૂધ અને દૂધની બનાવટો સાથે સંકળાયેલ સંસ્થા હોવાથી દર વર્ષે ISO અને FSSAI ના નિયમો પ્રમાણે મંડળીઓના કર્મચારીઓને વિવિધ રોગ ન થાય તે માટે તેમનું રસીકરણ ફરજીયાત હોવાથી દૂધસંઘ દ્વારા ગત તા.1 જાન્યુઆરીથી 19 જાન્યુઆરી સુધી મંડળીઓના કર્મચારીઓને ખાનગી દવાખાનાઓમાં ના જવું પડે તથા 50 ટકા રકમથી રસીકરણ શક્ય બને તે માટે સંસ્થા દ્વારા પાટણ, હારીજ, ખેરાલુ, વડનગર, કડી, મહેસાણા, વિહાર શીતકેન્દ્ર ખાતે સામૂહિક રસીકરણ તથા મેડિકલ ચેકઅપની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને પચાસ વર્ષ પૂણ થતાં

Amul SAGAR

# દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં યોજાયા રંગારંગ કાર્યક્રમો


















ગુજરાતમાં શ્વેતક્રાંતિની શરૂઆતના તબક્કામાં અનેક મુશ્કેલીઓ વચ્ચે જે તે સમયના સહકારી આગેવાનોએ ભારે સંઘર્ષ કરી પોતાના વિસ્તારમાં દૂધસંઘોની સ્થાપના કરી હતી. દૂધસાગર ડેરીની વાત કરીએ તો ; તા.૮ નવેમ્બર ૧૯૬૦ માં આપણી ડેરીના આધસ્થાપક સ્વ.માનસિંહદાદાએ ૧૧ દૂધમંડળીઓ અને માત્ર ૫૨૩૨/- રૂા. ના ભંડોળથી મહેસાણા જિલ્લાના સહકારી દૂધ ઉત્પાદક સંઘની સ્થાપના કરી હતી. આમ, આ પ્રવૃત્તિને દેશવ્યાપી બનાવવા ૧૯૬૫ માં NDDB ની રચના કરવામાં આવી અને NDDB ના ઓપરેશન ફ્લડ કાર્યક્રમ હેઠળ દેશમાં જિલ્લા કક્ષાએ દૂધસંઘોની સ્થાપના થવા લાગી તે બાદ ગુજરાતના છ સંઘો એકત્ર થઈ ૧૯૭૩ માં ગુજરાત કો. ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) સ્થાપિત કરવામાં આવી. આ સંસ્થાએ ગુજરાતના તમામ જિલ્લાઓના પશુપાલકોને એક તાંતણે બાંધી તેમના વતી વેચાણ બજાર ઉભું કરી અમૂલ નામથી દૂધ અને દૂધની બનાવટોને વૈશ્વિક નામના અપાવી. આજે આ સંસ્થા તેની સ્થાપનાને પચાસ વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે સૂવર્ણ જ્યંતિના રૂપમાં તા.૧ જાન્યુઆરી ૨૦૨૪ થી તા.૬ જાન્યુઆરી ૨૦૨૪ સુધી “અમૂલ દૂધ સપ્તાહ” તરીકે ભવ્ય રીતે ઉજવી જેમાં મહેસાણા દૂધસાગર ડેરીએ ઉત્સાહ અને ઉમંગ પૂર્વક પોતાની ભાગીદારી નોંધાવતાં મહેસાણા - પાટણ - ગાંધીનગર ની પચાસથી વધુ ગ્રામીણ દૂધ મંડળીઓમાં : ધરતી પૂજન, ગૌ પૂજન, સામૂહિક આરતી, વડીલ પૂજન, શાળાના બાળકો માટે વિવિધ સ્પર્ધોઓ સહિત સૂકન્યા સમૃદ્ધિ યોજના - પ્રાકૃતિક ખેતી - કુપોષિત બાળકોનો પોષણ સુધારણા કાર્યક્રમ યોજી એક અર્થમાં અમૂલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. જેની ઉપરોક્ત તસવીરો સાક્ષી છે.

## બાર વર્ષ બાદ દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આયોજિત થયો ભવ્યાતિભવ્ય

# બફેલો શો













એક દૂધ ઉત્પાદક માટે પોતાના પશુઓ એ પરિવારના સભ્ય સમાન હોય છે ! અને તેથી જ, એક જાગૃત પશુપાલક પોતાના જાનવરોને જીવની જેમ સાચવતો હોય છે. કેમ કે ; પશુપાલક એ દૂધસાગર ડેરીનો અંતરઆત્મા છે એવું ચેરમેનશ્રી. સ્પષ્ટપણે માની રહ્યા છે ત્યારે, ભૂતકાળમાં 12 વર્ષ અગાઉ મહેસાણા તાલુકા - જિલ્લાના દેલા ગામે યોજાઈ ગયેલ “બફેલો શો” ની ઉત્કૃષ્ટ પરંપરા ફરીથી શરૂ થાય તેવા તેમના ભારપૂર્વકના આગ્રહથી દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગ અને દૂરડાના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં તા.6 જાન્યુઆરી અને શનિવારના રોજ વડનગર તાલુકાના ખતોડા દૂધ મંડળીના સહયોગથી ભવ્યાતિભવ્ય “બફેલો શો”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને મુખ્ય મહેમાન તરીકે ઉંઝાના ધારાસભ્ય શ્રી. કે.કે પટેલ તથા અતિથી વિશેષ તરીકે દૂધસાગર ડેરીના ડિરેક્ટર શ્રી. દિલીપભાઈ ચૌધરી , ડેરીના M.D. શ્રી ધીરજકુમાર ચૌધરી, વડનગર જિલ્લા પંચાયત સદસ્ય સુશ્રી. ભાવિષાબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ સુશ્રી. ભારતીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર બફેલો શો કાર્યક્રમમાં પી.ટી. યોજના અંતર્ગત ઉત્તમ પ્રકારની ભેંસોનું પ્રદર્શન ત્રણ વિભાગમાં જેમ કે ગ્રુપ નં-1 માં નાની પાડીઓ, ગ્રુપ નં-2 માં ફળાઉ પાડીઓ અને ગ્રુપ નં-3 માં દૂધાળી ભેંસો રાખવામાં આવી હતી. આ પ્રદર્શન દરમ્યાન નિષ્ણાત પશુચિકિત્સકો દ્વારા વૈજ્ઞાનિક ધારાધોરણોના અમલી કરણ સાથે શ્રેષ્ઠ પશુઓને પ્રથમ - દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપી ઉપસ્થિત મહેમાનોના વરદ્ હસ્તે પ્રમાણપત્ર અને શિલ્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

શ્રી ખતોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના પ્રમુખશ્રી. રામજીભાઈ ચૌધરી,











મંત્રી શ્રી. ભરતભાઈ ચૌધરી તથા વ્યવસ્થાપક કમિટીના સભ્યશ્રીઓ અને ખતોડા દૂધ મંડળીના સભાસદશ્રીઓના ઉમદા પ્રયાસોથી સફળતા પૂર્વક આયોજીત આ બફેલો શો ના પ્રથમ ગ્રુપમાં પોતાની નાની પાડી લઈને આવ્યા હતા. જે પૈકી નીચેના ત્રણ પશુપાલકોની નાની પાડીઓ સર્વશ્રેષ્ઠ ક્રમે રહી હતી.

| ક્રમાંક | નામ | કડી નંબર |
|---|---|---|
| પ્રથમ | ચૌધરી નિતાબેન<br>ભરતભાઈ રામજીભાઈ | ૧૦૪૩૭૫<br>૫૨૯૧૯૫ |
| દ્વિતીય | ચૌધરી રમીલાબેન<br>ડાહ્યાભાઈ જેસંગભાઈ | ૧૦૪૩૭૫<br>૫૪૫૧૮૦ |
| તૃતીય | સેનમા કલાવતીબેન<br>દિનેશભાઈ ભીખાભાઈ | ૧૦૪૩૭૫<br>૫૨૯૪૧૩ |

આ સ્પર્ધામાં ફળાઉ મોટી પાડીઓ સાથે ગ્રુપ નંબર ૨ માં પોતાની મોટી પાડી સાથે પ્રદર્શનમાં જે પશુપાલકોએ ભાગ લીધો હતો તે પૈકી નીચેના ત્રણ પશુપાલકો સર્વશ્રેષ્ઠ રહ્યા હતા.

| ક્રમાંક | નામ | કડી નંબર |
|---|---|---|
| પ્રથમ | ચૌધરી તારાબેન<br>જ્યંતીભાઈ લવજીભાઈ | ૧૦૪૩૭૫<br>૫૭૮૪૦૧ |
| દ્વિતીય | ચૌધરી પીનાબેન<br>મહેશભાઈ લવજીભાઈ | ૩૪૦૧૬૫<br>૫૪૯૫૩૦ |
| તૃતીય | ચૌધરી દિપીકાબેન<br>હિતેશભાઈ જશરાજભાઈ | ૩૪૦૧૬૫<br>૫૫૯૪૪૩ |

દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં બાર વર્ષ બાદ આયોજીત આ બફેલો શો - 2024 સ્પર્ધામાં ગ્રુપ નં.3 માં વિયાયેલ દૂધાળી ભેંસોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં પોતાની દૂધમલ ભેંસોને સજાવી - ધજાવી આ શ્રેષ્ઠ ભેંસ સ્પર્ધામાં પોતાની ઉમેદવારી અને દાવેદારી નોંધાવી અનેક જાગૃત પશુપાલકો એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો જે પૈકી નીચેના ત્રણ ભેંસ માલિકોને સર્વશ્રેષ્ઠ એવોર્ડ પ્રાપ્ત થવા પામ્યા હતા.

| ક્રમાંક | નામ | કડી નંબર |
|---|---|---|
| પ્રથમ | ચૌધરી માણેકબેન<br>ડાહ્યાભાઈ હેમરાજભાઈ | ૩૪૦૧૪૩<br>૭૦૨૫૬૪ |
| દ્વિતીય | ચૌધરી પ્રિયંકાબેન<br>નરેશભાઈ ડાહ્યાભાઈ | ૧૦૫૭૪૩<br>૨૨૦૧૮૬ |
| તૃતીય | ચૌધરી કુંવરબેન<br>દલસંગભાઈ માનસંગભાઈ | ૩૪૦૧૪૭<br>૧૩૪૩૬૩ |

ઈ.સ. ૧૯૮૫ થી મોતીબાપુના કાર્યકાળ દરમ્યાન મુકવામાં આવેલી આ પી.ટી. યોજના (મહેસાણી ભેંસ પશુ ઓલાદ સુધારણા કાર્યક્રમ અંતર્ગત સંતતિ પરિક્ષણ યોજના) એ અતિ મહત્વની યોજના છે. આ યોજનાથી આપણે જિલ્લાના દૂધ ઉત્પાદકોના ઘર આંગણે ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન આપતી મહેસાણી ભેંસોની સંખ્યા વધારી શક્યા છીએ અને સામાન્ય કરતાં આવી ભેંસોની કિંમત પણ વધુ ઉપજે છે. આમ પશુ સંવર્ધન એ પશુ દીઠ વધુ દૂધ ઉત્પાદન કરવા માટેનો એક મોટો આધારસ્તંભ છે. જેને આપણે યથાર્થ રીતે ઓળખીએ અને અપનાવીએ તો પશુપાલન માં - ખાસ કરીને મહેસાણી ભેંસો રાખીને તેને હજુ વધારે નફાકારક બનાવી શકીએ તેમ છીએ. ભેંસોમાં બે પેઢી વચ્ચેનો સરેરાશ લાંબો ગાળો અને મહેસાણા કાર્યક્ષેત્રમાંથી સારી ભેંસોના વેચાણના ઉંચા પ્રમાણને કારણે ઓલાદ સુધારણાના આ કાર્યક્રમમાં સમય વધારે લાગે છે. અત્યાર સુધીના ઓગણીશ જૂથોના ૨૮૮ પાડાઓની ચકાસણી કરવાની કામગીર પૂરી થઈ છે. અને ૨૨ મા જૂથના પાડાઓની ચકાસણી કરવાની કામગીરી ચાલુ છે. આ યોજનાથી આપણી ભેંસોમાં આવેલ સુધારાને પરિણામે દૂધ ઉત્પાદકોને ભેંસ દીઠ પ્રતિ વેતર ૪૨૫ લિટર દૂધનો સીધો લાભ થયેલો છે. ભેંસના પ્રથમ વિયાણની ઉંમરમાં થયેલ સરેરાશ ઘટાડાના પરિણામે ભેંસ દીઠ ૩૧૧ દિવસ માટે નિભાવ ખર્ચમાં ઘટાડો થયો છે. તથા ભેંસના બે વિયાણ વચ્ચેના ગાળામાં થયેલ સરેરાશ ઘટાડાના પરિણામે ૯૮ દિવસના નિભાવ ખર્ચમાં ઘટાડો થયો છે. સામાન્ય રીતે પ્રવર્તતી માન્યતા મુજબ ગાયોમાં ગર્ભધારણની ટકાવારી વધારે હોય છે. પરંતુ, મહેસાણી ભેંસ ઓલાદ સુધારણા સંતતિ પરીક્ષણ યોજના મુજબ ભેંસોમાં પણ બીજદાન માટે જરૂરી કાળજી લેવાય તો સારા પરિણામો મળી શકે છે તેવું સ્પષ્ટ પુરવાર થાય છે. આ યોજના અંતર્ગત આપણા વિસ્તારમાં આજ સુધીમાં ૪૧૧૩૭ પાડીઓ ગાભણ થઈ છે. દૂધસાગરના કાર્યક્ષેત્રમાં પી.ટી. યોજના હેઠળ હારીજ, ખેરાલું, મહેસાણા, માણસા, પાટણ, સરસ્વતી, સતલાસણા, સિધ્ધપુર, ઉંઝા, વડનગર, વિજાપુર અને વિસનગરની ગ્રામીણ કક્ષાની ૭૯ દૂધ મંડળીઓનો સમાવેશ કરવામાં આવેલો છે.

ઉપરોક્ત બફેલો શો ના ગુણાંકન બાદ સ્થાનિક પશુપાલકો સાથે એક વિશાળ સંવાદ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભેંસ હરીફાઈમાં ઉતરેલા શ્રેષ્ઠ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને સ્મૃતિ ચિન્હ આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે દૂધસાગર ડેરીના પ્રતિભાશાળી ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં દૂધસાગર ડેરી સતત પશુપાલકોના પડખે ઉભી રહી દૂધના ભાવો સ્થિર તથા સમયાનુસાર વધારતી રહેશે તેવું આશ્વાસન આપી વૈજ્ઞાનિક અભિગમો સાથે હવે પશુપાલનના ધંધાને પૂરક વ્યવસાય માનવાની જગ્યાએ પૂર્ણ ધંધાના સ્વરૂપમાં અપનાવવા હાકલ કરી હતી. ધારાસભ્ય શ્રી. કિરીટભાઈ પટેલે આ બફેલો શો પ્રથમવાર જોયો હોવાનું કબૂલ કરી દૂધસાગરના હાલના વહિવટની પ્રશંસા કરી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. સંસ્થાના MD શ્રીએ વર્તમાન વૈજ્ઞાનિક સંશોધનોથી પશુપાલકોને વાકેફ કર્યા હતા. સમારંભના અંતે ખતોડા દૂધ મંડળી દ્વારા તમામ પશુપાલકોને ભાવતાં ભોજન પિરસાયાં હતાં.

# દૂધસાગરના સૂશાસનની ફળશ્રૂતિ સ્વરૂપે વિવિધ દૂધમંડળીઓમાં સંપૂર્ણ સુવિધા સાથેના નવિન દૂધઘર ના શુભારંભોનો સિલસીલો

# યથાવત્








વિતેલા ત્રણ વર્ષોથી દૂધસાગર ડેરીના પ્રશાસન દ્વારા કરવામાં આવતા કૂશળ વહિવટના શુભ પરિણામો હાલમાં દૂધસાગર સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓ અને મંડળીઓને પ્રાપ્ત થઈ રહ્યા છે. ગુજરાત સરકાર અને અમૂલ ફેડરેશન સાથેના સૂમેળભર્યા સબંધો દૂધસાગરના વિકાસમાં એક નવી રંગોળી પૂરી રહ્યા છે. સરકારશ્રી ની વિવિધ યોજનાઓનો લાભ - મહેસાણા દૂધસાગર ડેરીના સતત પ્રયાસોને કારણે વહેલામાં વહેલી તકે તથા વધુમાં વધુ રીતે મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રને મળી રહ્યા છે. ગુજરાત સરકારની ગ્રામીણ દૂધ મંડળીઓ માટે નવિન દૂધઘર - ગોડાઉનો માટે મળતી સહાયોનો સંપૂર્ણ લાભ આપણી સંસ્થાને મળી રહ્યો છે. વિતેલા ત્રણ વર્ષથી જોઈએ તો આપણા કાર્યક્ષેત્રમાં સરેરાશ ત્રણ થી ચાર દૂધ મંડળીઓના નવિન સુવિધાયુક્ત મકાનોના દર મહિને લોકાર્પણ થઈ રહ્યા છે. આ મંડળીઓના નવિન મકાનોમાં આજના દૂધના ધંધાની તમામ જરૂરિયાતો સાથેની સગવડો મળી રહી છે. આ વિકાસ યાત્રાને યથાવત રાખતાં તાજેતરમાં બહેચરાજી તાલુકાના ફીંચડી ગામે નવીન દૂધ મંડળીના મકાનનો ઉદ્‌ઘાટન આપણી સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી ના વરદ્ હસ્તે પૂર્ણ થયું. આ પ્રસંગે દૂધસાગર ડેરીના નિયામક મંડળના સભ્ય શ્રી. શક્તાભાઈ ભરવાડ, બેચરાજીના ધારાસભ્ય શ્રી. સુખાજી ઠાકોર તથા વિસ્તારના આગેવાનો અને ખૂબ મોટી સંખ્યામાં ગામના પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. પોતાના ગામને મળેલી આ નવી સુવિધાની ખુશી વ્યક્ત કરતાં પશુપાલક બહેનોએ ગીતો ગાઈ મહેમાનોને આવકાર્યા હતા. ચેરમેનશ્રીએ આ તબક્કે મહેસાણા દૂધસંઘ સતત પશુપાલકોના પડખે વિશ્વાસના વાતાવરણથી ઉભો રહેશે તેવું આશ્વાસન આપી જનમેદનીના મન જીતી લીધા હતા.

## કેવો શુભ સંયોગ ? ભારત સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી દૂધસાગર સાથે પ્રત્યક્ષ યા પરોક્ષ સંકળાયેલા મહાનુભાવોના રાષ્ટ્રીય સન્માન થાય છે !!



### આપણા સાહિત્યકાર શ્રી. રઘુવીરભાઇ ચૌધરી બન્યા હવે પદ્મશ્રી. રઘુવીરભાઇ

ગત વર્ષે મહેસાણા દૂધસાગર ડેરીની સ્થાપનાથી લઈ મોતીભાઈ ચૌધરીના કાર્યકાળ સુધી સતત નિયામક મંડળના સભ્ય રહી દૂધસાગરની સેવા કરનાર ગાંધીવાદી વિચારધારા ધરાવતા માલજીભાઈ દેસાઈને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી. સન્માનથી નવાજવામાં આવ્યા હતા. તો આ વર્ષે મોતીભાઈ ફાઉન્ડેશનમાં આજ પર્યંત પોતાની ઉત્તમ ભૂમિકા ભજવી રહેલા અને એક સમયે માણસા તાલુકાના બાપુપુરા દૂધ મંડળીના પ્રમુખ રહી ચૂકેલા સાહિત્યકાર અને ભૂમિપુત્ર એવા આગવી પ્રતિભાના ધણી શ્રી. રઘુવીરભાઈ ચૌધરીને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા એ જાણી લાખો પશુપાલકો વતી દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ પોતાની ખુશી વ્યક્ત કરી ભારત સરકારનો આભાર તથા રઘુવીરભાઈ ચૌધરીને અભિનંદન આપ્યા હતા.

# દૂધસાગરમાં શાનદાર રીતે ઉજવાયો ૭૫ મો પ્રજાસત્તાક દિન





## આઝાદીના અમૃતકાળમાં પ્રધાનમંત્રીશ્રી. મોદીસાહેબના વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરવા દૂધસાગર પોતાની તમામ ક્ષમતાઓ કામે લગાડશે : અશોક ચૌધરી

મહેસાણા દૂધસાગર ડેરીમાં આમ તો ડેરીની સ્થાપનાથી જ તમામ રાષ્ટ્રીય તહેવારો આન-બાન -શાનથી પરંપરાગત રીતે ઉજવાતા આવ્યા છે. પરંતુ, આપણા દૂધસંઘમાં જ્યારથી મોતીભાઈ રણછોડભાઈ સાગર સૈનિક સ્કૂલની શરૂઆત થઈ અને આ શાળાના હોનહાર બાળકો જ્યારથી દૂધસાગર પરિવારના સભ્યો બન્યા ત્યારથી આ રાષ્ટ્રીય તહેવારોમાં જાણે પ્રાણ પૂરાઈ ગયો છે !

ગત તા.26 જાન્યુઆરી એટલે ભારત દેશનો 75 મો પ્રજાકસત્તાક દિન હતો !! મહેસાણા દૂધસાગર ડેરીમાં એક સપ્તાહ અગાઉથી જ આ સૈનિક સ્કૂલના બાળકોના પરેડ રિર્હસલ અને ડ્રમના સૂરોથી ધીમે પણ નક્કર પગલે રાષ્ટ્રીય ભાવના અને ચેતના નો સંચાર શરૂ થઈ ગયો હતો.

આખરે 26 જાન્યુઆરીની વહેલી સવારે સૈનિક સ્કૂલના બાળકો સંપૂર્ણ આર્મી ડ્રેસમાં સૂસજ્જ થઈ શિસ્તબંધ કતારમાં પોતાના કૌશલ્યો બતાવવા તૈયાર હતા. માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેરી ટેક્નોલોજી (MIDFT) ના વિદ્યાર્થીઓ પોતાના સફેદ યુનિફોર્મથી વાતાવરણમાં પવિત્રતા ફેલાવી રહ્યા હોય તેવી અનુભુતિ ચોક્કસપણે થઈ રહી હતી. દૂધસાગર ડેરીના કર્મચારીઓ રાષ્ટ્રધ્વજને સલામી આપવા ફેક્ટરી વિભાગના સંકૂલમાં મહેમાનોની રાહ જોઈ રહ્યા હતા. તો, ડેરીના કોલોની વિભાગમાં રહેતા પરિવારો પોતાના બાળકો સાથે આ રાષ્ટ્રીય તહેવારની ઉજવણીમાં ભાગ લેવા ઉત્સુક બન્યા હતા.

નિશ્ચિત સમયે દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી પોતાના નિયામક મંડળના સાથી એવા શ્રી.રણજીતસિંહ સોલંકી તથા શ્રી. દિલીપભાઈ ચૌધરી અને આપણી સંસ્થા માટે રાત દિવસ કર્મ કરી પોતાની તમામ શક્તિઓ સંસ્થાના વિકાસમાં સમર્પિત કરતાં MD શ્રી. ધીરજકુમાર ચૌધરી અને ED શ્રી. પ્રવિણકુમાર બામ્ભી સાથે મહેસાણા જિલ્લાની ગૌરવગાથા લખતાં અને દૂધસાગર ડેરીની ફેક્ટરી વિભાગમાં અડીખમ ઉભેલા - જાણે આકાશ સાથે મિત્રતા કરી એક નવીવિકાસયાત્રાનો નવો અધ્યાય લખતા હોય તેવા મિલ્ક સાયલોની બાજુમાં આવીને રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગાન સાથે ત્રિરંગાને સલામી આપે છે ત્યારે રાષ્ટ્રીય ચેતના તેના પૂર્ણ સ્વરૂપમાં ઉપસ્થિત દરેકના અંતરઆત્માને સ્પર્શી જાય છે. સાગર સૈનિક સ્કૂલના બાળકો વિવિધ ટોળીઓમાં શિસ્તબધ્ધ પરેડ કરતાં અને પોતાની ટોળીના કેપ્ટનના ગગનચૂંબી આદેશને અનુસરી મહેમાનોને સલામી આપતા જોવા એક લ્હાવો હતો. પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં સંસ્થાના ચેરમેનશ્રી.એ આઝાદી અપાવનાર લડવૈયાઓને યાદ કરી - એક રાષ્ટ્ર તરીકે દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ધરતીથી લઈ આકાશ સુધી વિકાસના પંથે જે નવા અધ્યાયો લખ્યા છે તેની ગૌરવપૂર્ણ વાત કરી એક સંસ્થા તરીકે આપણે દેશની પ્રગતિમાં પોતાની સર્વોચ્ચ કામગીરી અર્પણ કરીએ એ પણ રાષ્ટ્રપ્રેમ ગણાશે તેમ કહી ; એક નવા જોશ અને ઉમંગને શાબ્દિક વેગ આપ્યો હતો.

# દૂધસાગરની માળાએ સમર્યા પ્રભુ શ્રીરામ










તા. 22 જાન્યુઆરી 2024 નો સૂર્યોદય એટલે ભારત વર્ષના ઈતિહાસમાં લખાઈ ગયેલો એક એવો સૂવર્ણ દિવસ જે એક - એક ભારતીયના મન મંદિરમાં હંમેશા માટે ચિરંજીવી સ્મૃતિરૂપે સ્થાપિત થયેલી ભવ્ય અને દિવ્ય ક્ષણો !! લગભગ 500 વર્ષના સંઘર્ષ પછી અયોધ્યામાં ભારતના આત્મામાં વસેલા ભગવાન શ્રીરામ પોતાના મૂળ સ્થાનકે ભવ્ય મંદિરમાં બિરાજમાન થયા. વિશ્વના સૌથી લોકપ્રિય અને ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના દિવ્ય સાનિધ્યમાં ભવ્ય રામ મંદિર નું નિર્માણ પૂર્ણ થતાં ભગવાનશ્રી રામલલ્લાની ઓજસ્વી - તેજસ્વી - સાક્ષાત રામ સ્વરૂપ અને અનિમેષ નજરે જોતા જ રહીએ તેવી દિવ્ય મૂર્તિમાં પ્રાણ પૂરવાનું વિધિવત કાર્ય શાસ્ત્રોક્ત પધ્ધતિથી પૂર્ણ થવા પામ્યું છે. પ્રધાનમંત્રીશ્રીની સાથે સમગ્ર દેશ અને દુનિયામાં આ ભવ્ય ક્ષણોની સાક્ષી બનવા સમગ્ર માનવજાત સ્વયંભૂ પોતાના કાર્યક્ષેત્રમાં - નિવાસસ્થાને અથવા રાજમાર્ગો અને મહોલ્લા - શેરીઓમાં ઉમટી પડી હતી. ત્યારે મહેસાણા જિલ્લાની ઓળખ સમાન કે જેણે મહેસાણા શહેરને “મિલ્કસીટી” જેવું પવિત્ર નામ અપાવ્યું છે તે અને તેના હજારો કર્મચારીઓ અને લાખો પશુપાલકો આવો સદીઓમાં કોઈ કોઈક વાર નસીબથી મળતો અવસર માણવાનું કેમ ચૂકે ?

મહેસાણા દૂધ સંઘ સાથે સંકળાયેલી તમામ ગ્રામીણ દૂધ મંડળીઓ સહિત - આપણા દૂધ સંઘના વિવિધ એકમો, સાગરદાણ ફેક્ટરીઓ તમામે તમામ જગ્યાઓ ઉપર આ ભવ્ય અને દિવ્ય અવસરને માણવાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મહેસાણા દૂધસાગર ડેરી ખાતે સમગ્ર ડેરી સંકૂલને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. દૂધસાગર ડેરી (મહેસાણા) ખાતેના શિવસાગર મહાદેવના પ્રાંગણમાં ભવ્ય મંડપ - આકર્ષક રોશની - અયોધ્યાથી પ્રસારિત થનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું જીવંત પ્રસારણ જોઈ શકાય તેવી વિશાળ LED સ્ક્રીન - એક સાથે અનેકો અનેક લોકો ભગવાન શ્રીરામની આરતી ઉતારી શકે તેવી વ્યવસ્થા તથા મહા પ્રસાદ સાથે ભોજનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

મહેસાણા દૂધ ઉત્પાદક સહકારી સંઘના કર્તવ્યનિષ્ઠ ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતીમાં આ પ્રસંગે મહેસાણાના પૂર્વ સાંસદ શ્રીમતી. જયશ્રીબેન પટેલ, મહેસાણા નગરપાલિકના પ્રમુખ શ્રી. ડૉ. મિહીરભાઈ પટેલ, શ્રી. રમેશભાઈ સોલંકી, MD શ્રી. ધીરજકુમાર, દૂધસાગર ડેરીના તમામ ઉચ્ચ અધિકારીઓ, તમામે તમામ કર્મચારીઓ એ સતત ચાર કલાક સુધી સમગ્ર જીવંત પ્રસારણને ભાવ અને ભક્તિ પૂર્વક માણ્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રીએ. સમગ્ર રાષ્ટ્રને સાચા રામમાર્ગ વિશે તથા રામ રાજ્યની કલ્પના સંદર્ભે જે વાત કરી તે સૌના હ્દયને સ્પર્શી જવા પામી હતી. સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ અયોધ્યા રામ મંદિરના સંઘર્ષમાં ખપી ગયેલા હજારો હજારો રામભક્તોને યાદ કરી દૂધસાગર તરીકે આપણે રામ રાજ્યના સિધ્ધાંતો અપનાવીએ તેવી હાકલ કરી હતી.




મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા